# India to assume Chairmanship of Wassenaar Arrangement

# ભારત વાસેનાર એરેન્જમેન્ટની અધ્યક્ષતા ધારણ કરે છે

01 ડીસેમ્બર, 2022

ભારત 01 જાન્યુઆરી 2023 નાં રોજ એક વર્ષની અવધી માટે વાસેનાર એરેન્જમેન્ટ (WA) પ્લેનરીની અધ્યક્ષતા ધારણ કરશે. 20 નવેમ્બર-01 ડીસેમ્બર 2022 સુધી વિયેનામાં યોજાયેલ WA ની 26મી વાર્ષિક પ્લેનરીમાં આયર્લેન્ડનાં રાજદૂત ઈયોન ઓ'લીએરી દ્વારા વિયેનામાં સંયુક્ત રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રિય સંસ્થાઓમાં રાજદૂત અને કાયમી પ્રતિનિધિ રાજદૂત જયદીપ મઝુમદારને અધ્યક્ષતાની સોંપણી કરવામાં આવી હતી.

ભારત 08 ડીસેમ્બર 2017 નાં રોજ વાસેનાર એરેન્જમેન્ટ (WA) નાં 42માં સહભાગી રાષ્ટ્ર તરીકે તેમાં જોડાયો હતો. WA એ એક બહુપક્ષીય નિકાસ નિયંત્રણ શાસન છે જે પરંપરાગત શસ્ત્રો અને બેવડા-વપરાશનાં માલસામાન અને ટેકનોલોજીઓનાં સ્થળાંતરણ પર સભ્યો વચ્ચે નિયમિત માહિતીનાં આદાનપ્રદાન મારફત આવા સ્થળાંતરણોમાં પારદર્શકતા અને વધારે જવાબદારીનો પ્રચાર અને અસ્થિરતાનું નિર્માણ કરનાર એકત્રિકરણો અટકાવવાનો ધ્યેય રાખે છે. WA પ્લેનરી એ એરેન્જમેન્ટની નિર્ણય લેનાર સત્તા છે જે સર્વસંમતિ પર કાર્ય કરે છે. WA નાં આગામી અધ્યક્ષ તરીકે, પ્રાંતિય અને આંતરરાષ્ટ્રિય સુરક્ષા અને સ્થિરતામાં યોગદાન આપવાનાં WA નાં ધ્યેયમાં વધારો કરવા માટે અન્ય સભ્યો સાથે નિકટનાં સહકારમાં કાર્ય કરવા માટે ભારત તૈયાર છે અને કટિબદ્ધતા ધરાવે છે.

**નવી દિલ્હી**
**01 ડીસેમ્બર, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.